## પ્રાથમિક શાળાનાં શિક્ષકોનો સેમેસ્ટર પદ્ધતિથી મૂલ્યાંકન અંગેના મંતવ્યોનો અભ્યાસ

**સંશોધક:**
**રાવલ જીગરકુમાર નિતિનકુમાર**
**માર્ગદર્શક:**
**ડૉ. (પ્રો.) જીજ્ઞેશ બી. પટેલ**

### સંશોધનના મુખ્ય તારણો:

- પ્રાથમિક શાળાના શિક્ષકો માટે સેમિસ્ટર પદ્ધતિથી થતાં મૂલ્યાંકનમાં અભ્યાસક્રમને પૂર્ણ કરવા પૂરતો સમય અને કાર્યબોજને ઘટવામાં મદદરૂપ થાય છે.
- સેમિસ્ટર પદ્ધતિના મૂલ્યાંકનના આધારે જોવા મળે છે કે વિદ્યાર્થીઓમાથી પરીક્ષાના ભયને દૂર કરવામાં તેમજ વિદ્યાર્થીઓના લક્ષને પહોચી વળવામાં મદદરૂપ થાય છે.
- ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં સેમેસ્ટર પદ્ધતિનું મૂલ્યાંકન ગુણવતાસભર પરિણામરૂપ અને ફાયદાકારક જોવા મળ્યું.
- અનુદાનિક શાળાઓના વિદ્યાર્થીઓમાં વિચાર અંગેની નવી દિશા અને કાર્યની નિયમિતતા જોવા મળી, જ્યારે બિનઅનુદાનિત શાળાઓમાં શિક્ષકો નબળા વિદ્યાર્થી પ્રત્યે સજાગ, વિચારવાની તર્ક શક્તિનો વિકાસ, અને સ્વસૂજ વિકસિત કરવામાં શિક્ષકોને સફળતા પ્રાપ્ત થતી જોવા મળે છે.
- આ પદ્ધતિનું મૂલ્યાંકન વિદ્યાર્થીને આત્મનિર્ભર બનાવવા માટે જરૂરી બન્યું છે તે અંગેના શિક્ષકોના અભિપ્રાયોમાં જાતિની દ્રષ્ટિએ સાર્થક તફાવત નથી.
- મૂલ્યાંકન અંગેની માહિતી સંગ્રહની કાર્યવાહી વધી છે તે અંગેના શિક્ષકોના અભિપ્રાયોમાં જાતિની દ્રષ્ટિએ સાર્થક તફાવત નથી.
- આ પદ્ધતિમાં મૂલ્યાંકનના સમય સંદર્ભમાં વિષયવસ્તુનું ભારણ યોગ્ય છે તે અંગેના શિક્ષકોના અભિપ્રાયોમાં જાતિની દૃષ્ટિએ સાર્થક તફાવત નથી.
- મૂલ્યાંકનપત્રોની માહિતી ભરવામાં મુશ્કેલી અનુભવાય છે તે અંગેના શિક્ષકોના અભિપ્રાયોમાં જાતિની દ્રષ્ટિએ સાર્થક તફાવત નથી.